# સાન્ટા ક્લેરા વૅલી પરિવહન સત્તાધિકારી
# (Santa Clara Valley Transportation Authority, VTA)
# ટાઇટલ VI

## સંગઠનાત્મક કટિબદ્ધતા

સિલિકોન વૅલીનું હાર્દ, સાન્ટા ક્લેરા કાઉન્ટી, એ દેશની સૌથી નવોત્પાદક, સર્જનાત્મક અને વૈવિધ્યપૂર્ણ પૈકીના એક સમુદાય માટે ઘર સમાન છે. 1.7 લાખ લોકોની વસ્તી સાથે, યુનાઇટેડ સ્ટેટ્સની એ જ વસ્તીવિષયક આંકડા વાળી 20% વસ્તીની સરખામણીમાં કાઉન્ટીના અડધાથી વધુ રહીશો ઘરે અંગ્રેજી સિવાયની અન્ય ભાષા બોલે છે.

અમારા બહુસાંસ્કૃતિક ગ્રાહક સમૂહના કારણે અમારી નીતિઓ, સેવાઓ અને કાર્યક્રમો સમાવેશક અને અસરકારક હોય તેવા સંદેશાવ્યવહારના સાધનો અને પ્રક્રિયાઓ દ્વારા પૂરા પાડવામાં આવે તેની અગ્રસક્રિય રીતે ખાતરી કરીને VTA તેની તકો અને ફરજો અંગે વાકેફ છે. આ પ્રક્રિયાઓ દ્વારા અમે એ વાતની ખાતરી કરી શકીએ છીએ કે કોઈ પણ વ્યક્તિને, તેની જાતિ, રંગ કે રાષ્ટ્રીય મૂળના કારણે અમારી પરિવહન સેવાઓ, કાર્યક્રમો અને માહિતીની અર્થપૂર્ણ સુલભતાથી વંચિત ન રાખવામાં આવે.

VTA ઓછી આવક વાળી, લઘુમતી, એને સીમિત અંગ્રેજી નિપુણ વ્યક્તિઓ માટે તેની સેવાઓ, પ્રોજેક્ટો અને પ્રવૃત્તિઓની અર્થપૂર્ણ સુલભતા પૂરી પાડવા માટે ટાઇટલ VIના લક્ષ્યાંક અને સીમિત અંગ્રેજી નિપુણતા (LEP) અંગેના તેના કાર્યકારી હુકમોને તેમજ પર્યાવરણીય ન્યાયને સમર્થન આપે છે.

VTA તેની ટાઇટલ VI હેઠળની નિયમનકારી જરૂરિયાતો સંતોષવા પરત્વે મક્કમપણે કટિબદ્ધ છે. સંગઠનની સંરચના એ પ્રકારની છે કે જેથી ટાઇટલ VI અને LEPના સંબંધમાં નીતિ વિકાસ અંગે નજરચૂક અને વ્યવસ્થાપન, તાલીમ, નિયમનકારી પાલન, તમામ ભેદભાવ વિરોધી નીતિઓનું રિપોર્ટિંગ અને દેખરેખ એક જ વિભાગ; નાગરિક

અધિકારોની કચેરી [Office of Civil Rights]માં કેન્દ્રીકૃત છે. અમારા ટાઇટલ VI કાર્યક્રમની સફળતામાં ફાળો આપવા માટે સંગઠનની અંદરના દરેક વિભાગમાંના કર્મચારીઓ સહકારપૂર્વક કામ કરે છે.

ટાઇટલ VI અંગે, VTA:

- ખાતરી કરશે કે પરિવહન સેવાનું સ્તર અને ગુણવત્તા જાતિ, રંગ કે રાષ્ટ્રીય મૂળને લક્ષમાં લીધા વગર પૂરી પાડવામાં આવે.
- લઘુમતી અને ઓછી આવકવાળી વસ્તીઓ પર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સામાજિક અને આર્થિક અસરો સહિત, યોગ્ય હોય તે રીતે, અપ્રમાણસર રીતે ઊંચી અને પ્રતિકૂળ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણીય અસરો ઓળખશે અને ધ્યાને લેશે.
- પરિવહનને લગતા નિર્ણયો લેવામાં તમામ અસરગ્રસ્ત વસ્તીઓની પૂર્ણ અને ન્યાયી સહભાગિતાને પ્રોત્સાહિત કરશે.
- લઘુમતી અથવા ઓછી આવકવાળી વસ્તીઓને લાભાન્વિત કરે તેવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ સંબંધિત લાભોમાં વંચિતપણું, ઘટાડો અથવા વિલંબ અટકાવશે.
- સીમિત અંગ્રેજી નિપુણતા ધરાવતી વ્યક્તિઓ દ્વારા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની અર્થપૂર્ણ સુલભતા અંગે ખાતરી કરશે.

# જાહેર જનતાને નોટિસ

સાન્ટા ક્લેરા વૅલી પરિવહન સત્તાધિકાર［Valley Transportation Authority］（VTA）1964ના નાગરિક અધિકાર અધિનિયમના ટાઇટલ VI અને તમામ સંબંધિત કાયદાઓના પૂર્ણ પાલનની ખાતરી આપવા માટે તેની નીતિ અંગે જાહેર નોટિસ આપે છે. ટાઇટલ VI અનુસાર જરૂરી છે કે યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઈ પણ વ્યક્તિને જાતિ, રંગ કે રાષ્ટ્રીય મૂળના આધારે VTAના કોઈ પણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેવાથી બાકાત ન રાખવામાં આવે, લાભોથી વંચિત ન કરવામાં આવે, કે અન્યથા તેના હેઠળ તેનો ભેદભાવ ન કરવામાં આવે.

VTAની ટાઇટલ VI સંબંધિત અને અન્ય ભેદભાવ વિરોધી ફરજો અંગે વધુ માહિતીની વિનંતી કરવા માટે અથવા VTAની પરિવહન સેવાઓ, પ્રોજેક્ટો અને અભ્યાસો વિશે પૂછપરછ કરવા માટે કૃપા કરી (408)321-2300/(408)321-2330 પર ગ્રાહક સેવા કેન્દ્રને કૉલ કરો અથવા ઈમેઇલ દ્વારા customer.service@vta.org પર સંપર્ક કરો. દસ્તાવેજો અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં અથવા અસમર્થતા ધરાવતી વ્યક્તિઓ માટે સુલભ્ય કરવામાં આવતા ફોર્મેટોમાં પૂરા પાડી શકાય છે.

કોઈ પણ વ્યક્તિ જે માનતી હોય કે તેને અથવા તેણીને VTAની કોઈ પણ સેવા, કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેવાથી બાકાત કરાઈ છે, તેના લાભોથી વંચિત કરાઈ છે, અથવા અન્યથા તેના હેઠળ તેની સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે, અને માનતી હોય કે ભેદભાવ જાતિ, રંગ કે રાષ્ટ્રીય મૂળના આધારે થયો છે, તો તે વિધિપૂર્વક ફરિયાદ દાખલ કરી શકે છે. આ ભેદભાવ વિરોધી રક્ષણ VTAના ત્રીજા પક્ષકાર કોન્ટ્રાક્ટરોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો સુધી પણ વિસ્તરે છે.

VTA અથવા તેના ત્રીજા પક્ષકાર કોન્ટ્રાક્ટરો સામેની ફરિયાદો ટાઇટલ VI ફરિયાદ ફોર્મ (નીચે આવેલું છે)નો ઉપયોગ કરીને લેખિતમાં દાખલ કરી શકાશે અથવા (408) 321-5571 પર કૉલ કરીને દાખલ કરી શકાશે. ભરીને સહી કરેલા ફોર્મ આ સરનામે ટપાલ દ્વાર મોકલી શકાય છે:

Title VI Coordinator
Office of Civil Rights
Santa Clara Valley Transportation Authority
3331 North First Street, B-1
San Jose, CA 95134

જો તમે લેખિતમાં ફરિયાદ દાખલ ન કરી શકતા હો તો તમારી મૌખિક ફરિયાદ ટાઇટલ VI કોર્ડિનેટર દ્વારા સ્વીકારાશે અને લિપ્યાંતરિત કરાશે. મૌખિક ફરિયાદ કરવા માટે (408)321-5571 પર કૉલ કરો. ફરિયાદો કહેવાતા ભેદભાવના કૃત્ય (અથવા નવીનતમ બનાવ)ના 180 દિવસની અંદર સુપરત કરવાની રહેશે.

ફરિયાદો સમાન રોજગારી તક કમિશન [Equal Employment Opportunity Commission] (EEOC) www.eeoc.gov; ફેડરલ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન (FTA) www.fta.dot.gov; અથવા ન્યાયી રોજગારી અને આવાસન વિભાગ [Department of Fair Employment and Housing] (DFEH) www.dfeh.ca.gov પાસે પણ પ્રત્યક્ષ રીતે દાખલ કરી શકાશે. ટાઇટલ VI ફરિયાદો દાખલ કરવા અંગે વિગતો માટે કૃપા કરી જે તે એજન્સીની વેબસાઇટો પર માહિતીની સમીક્ષા કરો.

# ફરિયાદ પ્રક્રિયા

સાન્ટા ક્લેરા વૅલી પરિવહન સત્તાધિકારી [Valley Transportation Authority] (VTA) બધા નાગરિકોને તેની તમામ પરિવહન સેવાઓની સમાન સુલભતા આપે છે. વધુમાં VTAનો હેતુ એ છે કે બધા નાગરિકો આવી સુલભતા પ્રાપ્ત કરવાના તેમના અધિકારો પરત્વે સજાગ હોય. આ સાઇટ નાગરિકો માટે એક શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી થવા માટે તૈયાર કરવામાં આવી છે, જેથી તેઓ VTA કાર્યક્રમો અને સેવાઓના તેમના લાભની રક્ષા કરતા નાગરિક અધિકારોના કાયદાઓ સમજી શકે, વિશિષ્ટપણે, કારણ કે તે 1964ના નાગરિક અધિકાર અધિનિયમના ટાઇટલ VI સાથે સંબંધિત છે.

### ટાઇટલ VI શું છે?

ટાઇટલ VI એ 1964ના નાગરિક અધિકાર અધિનિયમનો પરિચ્છેદ છે જેના અનુસાર "યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઈ પણ વ્યક્તિને જાતિ, રંગ અથવા રાષ્ટ્રીય મૂળના આધારે, ફેડરલ નાણાકીય સહાય મેળવતા કોઈ કાર્યક્રમ કે પ્રવૃત્તિમાં ભાગ લેવામાંથી બાકાત રાખવી ન જોઈએ, તેના લાભોથી વંચિત ન કરવી જોઈએ, અથવા તેના હેઠળ તેનો ભેદભાવ ન કરવો જોઈએ." એ વાત નોંધો કે ટાઇટલ VI લૈંગિક ભેદભાવને ધ્યાને નથી લેતો. તે ફક્ત જાતિ, રંગ અને રાષ્ટ્રીય મૂળને આવરે છે. અન્ય નાગરિક અધિકાર કાયદાઓ લૈંગિક ભેદભાવની મનાઈ ફરમાવે છે.

### સીમિત અંગ્રેજી નિપુણ વ્યક્તિઓ કોણ છે?

એવી વ્યક્તિઓ કે જેઓ તેમની પ્રાથમિક ભાષા તરીકે અંગ્રેજી નથી બોલતી અને જેઓ અંગ્રેજી વાંચવા, બોલવા, લખવા, કે સમજવાની સીમિત ક્ષમતા ધરાવે છે તેઓ સીમિત અંગ્રેજી નિપુણ, અથવા "LEP" હોઈ શકે છે. આ વ્યક્તિઓ ખાસ પ્રકારની સેવા, લાભ કે મુલાકાત અંગે ભાષા સહાયતા મેળવવાની હકદાર હોઈ શકે છે.

અંગ્રેજી બોલવા, વાંચવા, લખવા કે સમજવાની વ્યક્તિની અક્ષમતાના આધારે જુદો વ્યવહાર એક પ્રકારનો રાષ્ટ્રીય મૂળ સંબંધિત ભેદભાવ હોઈ શકે છે.

## હું કેવી રીતે ફરિયાદ દાખલ કરી શકું?

જો તમે માનતા હો કે તમારી સાથે VTA દ્વારા તમારી જાતિ, રંગ કે રાષ્ટ્રીય મૂળના આધારે ભેદભાવભર્યો વ્યવહાર કરવામાં આવ્યો છે તો તમને VTA ટાઇટલ VI કોર્ડિનેટર પાસે ફરિયાદ દાખલ કરવનો અધિકાર છે. ફરિયાદ કહેવાતી ભેદભાવભરી ઘટના બાદ મોડામાં મોડી 180 કૅલેન્ડર દિવસમાં દાખલ કરવાની રહેશે.

## ફરિયાદ દાખલ કરવાની પદ્ધતિઓ

પસંદગીની પદ્ધતિ છે ટાઇટલ VI ફરિયાદ ફોર્મનો ઉપયોગ કરીને તમારી ફરિયાદ લેખિતમાં દાખલ કરવી, અને આ સરનામે મોકલવી:

Title VI Coordinator
Office of Civil Rights
Santa Clara Valley Transportation Authority
3331 North First Street, B1
San Jose, CA 95134

મૌખિક ફરિયાદો ટાઇટલ VI કોર્ડિનેટર દ્વારા સ્વીકારવામાં આવશે અને લિપ્યાંતરિત કરવામાં આવશે. મૌખિક ફરિયાદ કરવા માટે, (408) 321-5571 પર કૉલ કરો અને ટાઇટલ VI કોર્ડિનેટર માટે વિનંતી કરો. ફરિયાદો બાહ્ય સત્તાઓ પાસે પણ દાખલ કરી શકાશે જેવી કે સમાન રોજગારી તક કમિશન［Equal Employment Opportunity Commission］（EEOC） www.eeoc.gov; ફેડરલ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન（FTA） www.fta.dot.gov; અથવા ન્યાયી રોજગારી અને આવાસન વિભાગ［Department of Fair Employment and Housing］（DFEH） www.dfeh.ca.gov. ટાઇટલ VI ફરિયાદો દાખલ કરવા અંગે વિગતો માટે કૃપા કરી જે તે એજન્સીની વેબસાઇટો પર માહિતીની સમીક્ષા કરો.

જો ફરિયાદ VTA પાસે અને બાહ્ય સત્તા પાસે એક સાથે દાખલ કરવામાં આવે તો બાહ્ય ફરિયાદ VTA ફરિયાદ પર અગ્રતા ધરાવશે અને બાહ્ય સત્તાનો નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી VTAની ફરિયાદ કાર્યપદ્ધતિઓ મોકૂફ રાખવામાં આવશે.

**તપાસો**

વિધિપૂર્વક ફરિયાદ મળ્યાના 10 કામકાજના દિવસની અંદર ટાઇટલ VI કોર્ડિનેટર ફરિયાદીને સૂચના આપશે અને તપાસ શરૂ કરશે (સિવાય કે ફરિયાદ પહેલા બાહ્ય સત્તા પાસે અથવા એક સાથે દાખલ કરાઈ હોય).

તપાસો VTAના કોઈ પણ વિભાગ (વિભાગો) સામેની ફરિયાદો ધ્યાને લેશે. તપાસ કર્મચારી સંપર્ક વિભાગ [Employee Relations Department] સાથે અને તેમની સલાહથી કરવામાં આવશે.

સમસ્યા ઓળખવા માટે તપાસમાં તમામ અસરગ્રસ્ત પક્ષકારો સાથે ફરિયાદની ચર્ચા(ઓ)નો સમાવેશ થઈ શકે છે. ફરિયાદીનું પ્રતિનિધિત્વ તેની/તેણીની પસંદગીના વકીલ અથવા અન્ય પ્રતિનિધિ દ્વારા થઈ શકશે અને તેઓ તપાસ દરમિયાન સાક્ષીઓ લાવી શકશે અને સાબિતી અને પુરાવો રજૂ કરી શકશે.

તપાસ વિધિપૂર્વક ફરિયાદ મળ્યાના 60 દિવસની અંદર હાથ ધરવામાં આવશે અને પૂરી કરી લેવામાં આવશે.

મેળવેલી તમામ માહિતીના આધારે ટાઇટલ VI કોર્ડિનેટર દ્વારા મુખ્ય વહીવટી અધિકારીને સુપરત કરવા માટે એક તપાસ અહેવાલ લખવામાં આવશે.

60 દિવસની સમય મર્યાદાના અંતે ફરિયાદીને તે અંતિમ નિર્ણય જણાવતો એક પત્ર મળશે. મોટાભાગની તપાસો 30 દિવસની અંદર પૂરી કરવામાં આવે છે.

ફરિયાદીને નિર્ણય સામે અપીલ કરવાના તેના/તેણીના અધિકાર વિશે સૂચિત કરવામાં આવશે. અપીલો ફેડરલ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન, સમાન રોજગારી તક કમિશન, અથવા ન્યાયી રોજગારી અને આવાસન વિભાગ સમક્ષ કરી શકાશે.

Valley Transportation Authority
SANTA CLARA

# ટાઇટલ VI ફરિયાદ ફોર્મ

સાન્ટા ક્લેરા વૅલી પરિવહન સત્તાધિકારી [Valley Transportation Authority] (VTA)
નાગરિક અધિકાર કચેરી [Office of Civil Rights]

VTA એ વાતની ખાતરી કરવા કટિબદ્ધ છે કે કોઈ પણ વ્યક્તિને 1964ના સુધાર્યા મુજબના નાગરિક અધિકાર અધિનિયમની જોગવાઇ અનુસાર જાતિ, રંગ, કે રાષ્ટ્રીય મૂળના આધારે તેની સેવાઓમાં સહભાગી બનવાથી બાકાત રાખવામાં ન આવે અથવા તેના લાભોથી વંચિત કરવામાં ન આવે. ટાઇટલ VI ફરિયાદો કહેવતા ભેદભાવની તારીખથી 180 દિવસની અંદર દાખલ કરવાના રહેશે.

તમારી ફરિયાદની પ્રક્રિયા કરવામાં અમને મદદરૂપ થવા માટે નીચેની માહિતી જરૂરી છે. જો તમને આ ફોર્મ ભરવામાં કોઈ સહાયતાની જરૂર પડે તો કૃપા કરી (408) 321-5571 પર કૉલ કરીને ટાઇટલ VI કોર્ડિનેટરનો સંપર્ક કરો. પૂર્ણ કરેલું ફોર્મ VTA Office of Civil Rights, Title VI Coordinator, 3331 North First Street, Building B-1, San Jose, CA 95134ને પરત કરવાનું રહેશે.

| | |
|---|---|
| તમારું નામ: | ફોન: |
| શેરીનું સરનામું: | વૈકલ્પિક ફોન: |
| | શહેર, રાજ્ય અને ઝિપ કોડ: |
| જેની વિરુદ્ધ ભેદભાવ કરાયો હોય તે વ્યક્તિ(ઓ) (જો ફરિયાદી સિવાયની કોઈ વ્યક્તિ હોય):<br><br>નામ (નામો): | |
| શેરીનું સરનામું, શહેર, રાજ્ય અને ઝિપ કોડ: | |

કહેવાતા ભેદભાવ માટે નીચે પૈકી કયું શ્રેષ્ઠ રીતે કારણ વર્ણવે છે? (લાગુ પડતા તમામ ફરતે વર્તુળ કરો)

- જાતિ
- રંગ
- રાષ્ટ્રીય મૂળ (સીમિત અંગ્રેજી નિપુણતા)

ઘટનાની તારીખ: ____________________

## ટાઇટલ VI ફરિયાદ ફોર્મ

સાન્ટા ક્લેરા વૅલી પરિવહન સત્તાધિકારી [Valley Transportation Authority] (VTA)
નાગરિક અધિકાર કચેરી [Office of Civil Rights]

કૃપા કરી કહેવાતા ભેદભાવની ઘટનાને વર્ણવો. જો ઉપલબ્ધ હોય તો, VTAના તમામ સામેલ કર્મચારીઓનાં નામો અને પદો પૂરા પાડો. શું થયું અને તમે કોને જવાબદાર માનો છો તે સમજાવો. જો વધારાની જગ્યાની જરૂર હોય તો આ ફોર્મના પાછલા ભાગનો ઉપયોગ કરો.

____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________

તમે અન્ય કોઈ ફેડરલ, રાજ્ય કે સ્થાનિક એજન્સીઓ પાસે ફરિયાદ દાખલ કરી છે? (એક ફરતે વર્તુળ કરો) હા / ના જો હા, હોય તો નીચે એજન્સી / એજન્સીઓ અને સંપર્ક માહિતીની વિગતો આપો:

| | |
|---|---|
| એજન્સી: | સંપર્ક નામ: |
| શેરીનું સરનામું, શહેર, રાજ્ય અને ઝિપ કોડ: | ફોન: |
| એજન્સી: | સંપર્ક નામ: |
| શેરીનું સરનામું, શહેર, રાજ્ય અને ઝિપ કોડ: | ફોન: |

હું ખાતરીપૂર્વક કહું છું કે મેં ઉપરોક્ત આક્ષેપ વાંચ્યો છે અને તે મારી શ્રેષ્ઠ જાણકારી, માહિતી અને માન્યતા મુજબ સાચો છે.

| | |
|---|---|
| ફરિયાદીની સહી: | તારીખ: |

ફરિયાદીનું નામ પ્રિન્ટ અથવા ટાઇપ કરો

VTA Office Use Only:

Date Received: ________________________

Received By: ________________________

## સામુદાયિક આઉટરીચ અને ટાઇટલ VI/LEP સંપર્ક યાદી

1964ના નાગરિક અધિકાર અધિનિયમના ટાઇટલ VIનું પાલન કરવા માટે VTA બધી વ્યક્તિઓને તેની તમામ પરિવહન સેવાઓ અને માહિતીની બિન-ભેદભાવાત્મક અને ન્યાયપૂર્ણ સુલભતા પૂરી પાડે છે. VTA એક ટપાલ યાદી જાળવી રાખે છે જે અસમર્થ, લઘુમતી, ઓછી આવક વાળી અથવા સીમિત અંગ્રેજી નિપુણ વ્યક્તિઓને સેવાઓ પૂરી પાડનારા સંગઠનોને પ્રસ્તાવિત કાર્યક્રમો અથવા પરિવહનમાં ફેરફારો અંગે સૂચિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. VTA સંગઠનો અથવા વ્યક્તિઓને ટપાલ યાદીમાં તેમની સંપર્ક માહિતી સ્વેચ્છાએ દાખલ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ટપાલ યાદીમાં વિગતો ઉમેરાવવા માટે કૃપા કરી ઑનલાઈન ફોર્મ (http://apps.vta.org/title6/) અંગ્રેજીમાં ભરો. જો તમને કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરી (408)321-2300, (408)321-2330 TTY પર અથવા ઇમેઇલ દ્વારા customer.service@vta.org પર VTAનો સંપર્ક કરો.